# પશુ વિજ્ઞાન કેન્દ્ર (લીમખેડા) દ્વારા "દુધાળા પશુઓમાં આહાર અને રહેઠાણ વ્યવસ્થાપન" વિશે પશુપાલકોને તાલીમ

પશુ વિજ્ઞાન કેન્દ્ર (લીમખેડા) દ્વારા આદિવાસી સંશોધન -વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા ખાતે દાહોદ જીલ્લાના ભોરવા, અગાસવાણી, ઘોડાઝર, વેડ અને બાર ગામોનાં ૩૮ પશુપાલકોને તા. ૦૪/૦૭/૨૦૧૯ ના રોજ **"દુધાળા પશુઓમાં આહાર અને રહેઠાણ વ્યવસ્થાપન"** વિષય ઉપર તાલીમ આપવામાં આવી.

આ કાર્યક્રમાં ડો. જી.જે.પટેલ, યુનિટ અધિકારીશ્રી, આદિવાસી સંશોધન -વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા પશુપાલકોને પશુપાલનને એક વ્યવસાય તરીકે અપનાવી આવક બમણી કરવા પ્રેરીત કર્યા અને પશુ આહારમાં લીલા ઘાસચારાનું મહત્વ અને ઉત્પાદન વિશે માર્ગદર્શન આપેલ.

પશુ વિજ્ઞાન કેન્દ્રના વડા અને પ્રાધ્યાપક, ડો. કે. એમ. વાઘવાની દ્વારા દુધાળા પશુઓમાં ચોમાસા દરમ્યાન પશુપોષણમાં અને પશુ રહેઠાણમાં ધ્યાન રાખવામાં આવતી વૈજ્ઞાનીક પદ્ધતીઓની સવિસ્તર માહિતી આપી. મોટાભાગના પશુપાલકો પશુપાલનમાં કુલ ખર્ચના ૭૦ ટકા જેટલો ખર્ચ કરતા હોય છે, તે પશુપાલકો પશુઆહાર અંગેના સંશોધનોનો ઉપયોગ કરી ઓછા ખર્ચ સારી ગુણવત્તા સાથે વધુ ઉત્પાદન મેળવવા માર્ગદર્શન આપ્યુ.

ડો.ગુણવંત એન. થોરાત (મદદનીશ પ્રાધ્યાપક), પીવીકેએ પશુપાલનામાં વ્યવસાય કરતા સફળ પશુપાલકોની માહિતી આપી પશુપાલનની અર્થકારણ સમજાવ્યુ. ડો. થોરાતે દુધાળ પશુઓને ખોરાક આપવાની પદ્ધતી અને પશુપોષણમાં સમતોલ આહારનું મહત્વથી પશુપાલકોને માર્ગદર્શન આપ્યું.

ડો. પી. એચ. ગોધાણી(તાલીમ સહાયક), ટીઆરટીસી, દ્વારા ચોમાસા દરમ્યાન સોયાબીન પાકમાં આવતા રોગ જીવાતના નિયત્રંણ વિષય વક્તવ્ય આપેલ. તાલીમાર્થીઓને પશુ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા બાયપાસ ફેટ અને મિનરલ મિક્ચરનું વિતરણ કરવામાં આવેલ

## પશુ વિજ્ઞાન કેન્દ્ર (લીમખેડા) દ્વારા “દુધાળા પશુઓમાં  આહાર અને રહેઠાણ વ્યવસ્થાપન” અંગેની પશુપાલકોને તાલીમ

**સ્થળ: આદિવાસી સંશોધન વ તાલીમ કેન્દ્ર, દે. બારીયા** **તારીખ: ૦૪/૦૭/૨૦૧૯**











